ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G

ગાંધીનગર જિલ્લામાં ૧૯, રાજકોટ ગ્રામ્યમાં ૭ બિન રહેણાંક મકાનોનું નિર્માણ કરાયું

વિધાનસભામાં ગાંધીનગર

- પ્રકાશ જહા

ગાંધીનગર, તા. ૧૫

રાજ્યમાં ગુજરાત રાજ્ય પોલીસ આવાસ નિગમ દ્વારા જિલ્લાઓમાંથી મળતી દરખાસ્તોને આધારે બિન રહેણાંક અને રહેણાંકના મકાનો પ્રતિવર્ષ નાણાંકીય જોગવાઈ અનુસાર મંજૂર કરવામાં આવે છે. આણંદ જિલ્લામાં વર્ષ ૨૦૧૩-૧૪માં રૂ. ૭૨.૫૮ લાખના ખર્ચે ખંભાત રૂરલ પોલીસ સ્ટેશનનું નિર્માણ કરવામાં આવ્યું છે એમ વિધાનસભામાં પ્રશ્નકાળ દરમિયાન વડોદરા શહેરના ધારાસભ્ય શ્રીમતી મનીષા વકીલે પૂછેલા પ્રશ્નના જવાબમાં ગૃહ રાજ્યમંત્રી શ્રી રજનીકાન્તાઈ પટેલે જણાવ્યું હતું.

ગૃહ રાજ્ય મંત્રીશ્રી પટેલ, ધારાસભ્ય શ્રી પૂનમભાઈ પરમાર, શ્રી સંજયભાઈ પટેલ, શ્રી અમિતભાઈ ચાવડા, શ્રી રમણલાલ પારકર, શ્રીમતી ભાવનાબેન મકવાણાના પેટા પ્રશ્નોના પ્રત્યુત્તર પણ આપ્યા હતા.

ગાંધીનગર જિલ્લામાં બે વર્ષમાં પોલીસ ખાતાના ૧૯ બિન રહેણાંક મકાનોના કામ રૂ. ૪૧૬૯.૦૫ લાખના ખર્ચે હાથ ધરવામાં આવ્યા છે. ગૃહ રાજ્યમંત્રીશ્રી રજનીકાન્તભાઈ પટેલે જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૧૨-૧૩માં ૧૧ મકાનો અને વર્ષ ૨૦૧૩-૧૪ માં ૮ બિનરહેણાંકના મકાનોનું કામ હાથ ધરવામાં આવ્યું છે.

સાબરમતીના ધારાસભ્ય શ્રી અરવિંદકુમાર પટેલ અને ગાંધીનગર (દક્ષિણ) ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોરના પ્રશ્નોના જવાબમાં મંત્રી શ્રી રજનીકાન્તભાઈ પટેલે જણાવ્યું હતું કે, કરાઈ ખાતે ટ્રેનીંગ સેન્ટરમાં અદ્યતન ભવનનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે.

ધારાસભ્ય શ્રીમતી ભાનુબેન બાબરિયાના પ્રશ્નનો પ્રત્યુત્તર પાઠવતા ગૃહ રાજ્યમંત્રી શ્રી રજનીકાન્તભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજકોટ ગ્રામ્યમાં નાણાકીય વર્ષ ૨૦૧૨-૧૩ દરમિયાન બિન રહેણાંક મકાન ૧ અને નાણાંકીય વર્ષ ૨૦૧૩-૧૪ માં પોલીસ ખાતાના બિનરહેણાંક મકાનોના કુલ ૬ મળી કુલ ૭ બિન રહેણાંક મકાનોના કામ રૂ. ૨૯૫.૮૬ લાખના ખર્ચે પૂર્ણ કરવામાં આવ્યા છે.

ગાંધીનગર મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય વિકાસના કામો માટે તા. ૩૧-૩-૧૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં રાજ્ય સરકાર દ્વારા રૂ. ૬૨.૮૭ કરોડની ગ્રાન્ટ ચુકવવામાં આવી છે. તેમ રાજ્યના શહેરી વિકાસ મંત્રીશ્રીએ ગાંધીનગર (૩)ના ધારાસભ્યશ્રી અશોક પટેલના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું હતું.

આ ગ્રાન્ટ પૈકી હાથ ધરાયેલા ૧૨ કામો પૂર્ણ થયા હોવાનું પણ મંત્રીશ્રીએ પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે. તેમણે જણાવ્યું છે કે ૩ કામો હાલ પ્રગતિ હેઠળ અને તે પણ તેની સમય મર્યાદામાં પૂર્ણ થઈ જશે.

● **કૃષિ મહોત્સવની કિટ્સ પાછળ ખર્ચ**

ગાંધીનગર જિલ્લામાં વર્ષ ૨૦૧૨ના કૃષિ મહોત્સવ દરમ્યાન ૨૦૩૪ ખેડૂતોને કૃષિ કિટ્સ, ૧૮૧૨ ખેડૂતોને બાગાયત કિટ્સ અને ૧૫૪૦ ખેડૂતોને પશુપાલન કિટ્સનું વિતરણ કરવામાં આવ્યું હતું તેમ રાજ્યના કૃષિમંત્રીશ્રીએ ભાજપના શ્રી રાકેશ શાહના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

તેમણે જણાવ્યું હતું કે ૨૦૧૩માં ૨૦૭૮ ખેડૂતોને કૃષિકિટ્સ, ૧૫૪૦ ખેડૂતોને પશુપાલનની કિટ્સ એનાયત કરવામાં આવી હતી.

મંત્રીશ્રીએ આ જ સભ્યના પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે વર્ષ ૨૦૧૨માં રૂ. ૭૧,૦૫,૪૦૦ નો અને વર્ષ ૨૦૧૩માં રૂ. ૫૮,૭૭,૮૫૧ નો ખર્ચ કૃષિની આ કિટ્સ વિતરણ પાછળ થયો છે.

ભાજપના જ શ્રી અશોક પટેલે ૨૦૧૩માં કૃષિ મહોત્સવ દરમ્યાન કલોલ-માણસાના ખેડૂતોને અપાયેલ પશુપાલન કિટ્સ અંગે પુછેલા એક અન્ય પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે કે કલોલ તાલુકામાં ૩૬૦ અને માણસા તાલુકામાં ૩૩૦ કિટ્સનું વિતરણ કરાયું હતું. આ કૃષિ મહોત્સવની કિટ્સના વિતરણમાં કલોલ તાલુકાના ૭૨ ગામ અને માણસા તાલુકાના ૬૬ ગામ આવરી લેવામાં આવ્યાનું પણ કૃષિ મંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યું છે.

● અનુસંધાન પાન-૭ પર

અંગારકી ચોથ - ગણપતિ બાપાની પૂજા માટે અંગારકી ચોથનો અનોખો મહિમા છે... વિઘ્નહર્તા ગણપતિ બાપાના પૂજન-અર્ચનથી વિઘ્નો ઓછા થાય છે અને જીવનમાં સુખ-શાંતિની અનુભૂતિ થાય છે... અંગારકી સંકટ ચતુર્થીના પાવન પર્વે ગણેશ મંદિરોમાં ભારે ભીડ વર્તાતી હતી.... ગણેશજીને લાલ પુષ્પ અથવા પુષ્પમાળા અર્પણ કરી ૧૦૮ વખત 'ૐ ગં ગણપતેય નમઃ'ના મંત્રનો જાપ કરવા ભાવિકો વહેલી સવારથી મંદિરોમાં ઉમટ્યા હતા. સામાન્ય રીતે વર્ષમાં એક કે બે અંગારકી ચતુર્થી આવતી હોય છે અને વિક્રમ સંવત ૨૦૭૦ની આજે છેલ્લી અંગારકી સંકટ ચતુર્થી હતી.

(તસવીર : કશ્યપ નિમાવત)

આવાસ યોજના પાછળ કરોડો ખર્ચાયા પણ ઝૂંપડાવાસીઓને માથે છત નથી!

કોલવડા આવાસ યોજના સંદર્ભે લાભાર્થીઓની યાદીના ઠેકાણા નથી : ૪૦ કરોડનો ખર્ચ થયો છે

ગાંધીનગર, તા.૧૫

શહેરના ઝૂંપડાવાસીઓને માથે છત પુરી પાડવા કોલવડા ગામની સીમમાં આવાસ તૈયાર કરવામાં આવ્યા છે. આ ઝૂંપડા વસાહત પાછળ રૂ. ૪૦ કરોડનો તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો છે. પરંતુ આવાસ યોજનાને અનુલક્ષી કરોડોનું આંધણ કર્યા બાદ પણ તેનો હેતુ સરતો નથી. લાંબા સમયના અંતે પણ લાભાર્થીઓને મકાન ફાળવવાની યાદી આખરી થઈ નથી.

શહેરમાં છેલ્લા ઘણા સમયથી ઝૂંપડાઓની સંખ્યા વધી રહી છે. જાહેર સ્થળો આસપાસ તેમજ ખુલ્લા મેદાનો તેમજ ખાનગી રહેણાંક વિસ્તારમાં પણ ઝૂંપડાવાસીઓ ડેરા તંબુ તાણી રહ્યા છે. સેકટરોમાં વધતા ઝૂંપડાના દબાણના લીધે આમ નાગરિકો માટે અનેક સમસ્યાઓ ઉદભવી રહી છે. શહેરના ઝૂંપડાવાસીઓને માથે છત પુરી પાડવા કોલવડા ગામની સીમમાં અદ્યતન આવાસ યોજના તૈયાર કરવામાં આવી છે. જે અન્વયે અંદાજિત રૂ. ૪૦ કરોડના ખર્ચે ૨૫ જેટલા બ્લોકનું નિર્માણ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત આવાસ યોજનાને અનુલક્ષી રસ્તા તેમજ સ્ટ્રીટલાઈટનું કામ પણ પૂર્ણ કરી દેવાયું છે. જ્યારે ઝૂંપડાવાસી પરિવારના બાળકો માટે કેમ્પસમાં-ઉદ્યાનનું પણ નિર્માણ કરવામાં આવ્યું છે ઝૂંપડાવાસીઓની આવાસ યોજના તૈયાર થઈ ગયા બાદ ૬ મહીનાના અંતે પણ આ આવાસ લાભાર્થીઓને ફાળવવામાં આવ્યા નથી. આવાસ યોજનાના પ્રારંભે પણ સ્થળ પસંદગીના મામલે વિવાદ ભડકયો હતો જયારે લાભાર્થીઓની યાદી પણ આખરી ન થઈ હોવાનું ધ્યાને આવ્યું છે.

ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગર જિલ્લા પંચાયતની આરોગ્ય સમિતિના ચેરમેન જ્યોત્સનાબેન પટેલની ષષ્ઠીપૂર્તિની ઉજવણી નિમિત્તે અનોખી ગુરૂવંદનાના કાર્યક્રમનું આયોજન તેમના ગામ પલિયડ ખાતે કરાયુ છે.
- રાજપુર પ્રાથમિક શાળાના બાળકો દ્વારા લેવાયેલા ફોટાનું પ્રદર્શન તેમજ ''હાઈકુ સંગ્રહ''નું વિમોચન ૧૭મીએ અમદાવાદ રવિશંકર રાવલ આર્ટ ગેલેરીમાં સ્વરૂપ સંપટના હસ્તે થશે.
- ગાંધીનગર રેલવે સ્ટેશનના પ્લેટફોર્મ-૧ અને પ્લેટફોર્મ-૨ પર મુકવામાં આવેલ ઘડિયાળોના સમયમાં ૧૦ મિનિટનો તફાવત છે.
- રાજયના પદનામિત રાજયપાલશ્રી ઓ.પી. કોહલી આજે સાંજે તેમના નવા હોદ્દાનો ચાર્જ સંભાળી લેશે. સોગંદવિધિ સમારોહ ટાઉનહોલમાં યોજાયો હોવાથી આખા ટાઉનહોલનું તાબડતોબ રંગરોગાન હાથ ધરાયુ છે.

ગરીબલક્ષી આરોગ્ય કલ્યાણની યોજનાઓનો લાભ છેવાડાના માનવી સુધી તંત્ર પહોંચાડે : હીના પટેલ

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગર જિલ્લામાં આરોગ્ય સેવાઓના સઘનીકરણ માટે ગરીબ કલ્યાણની જે જે યોજનાઓ આરોગ્યલક્ષી છે તે માટે વિશેષ જન જાગૃતિ અભિયાન છેડવાની હાકલ કરતાં જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતી હીનાબેન પટેલે આરોગ્ય કેન્દ્રોના સેવાલક્ષી અભિગમને પ્રોત્સાહિત કરવા માટે નવી પુરસ્કાર યોજનાની જાહેરાત પણ કરી હતી.

વિભાગીય નિયામકશ્રી કે.બી. પટેલની નિવૃત્તિનો વિદાય સમારોહ તેમજ મેડીકલ ઓફિસરોની બેઠકને સંબોધતાં તેમણે જણાવ્યું હતું કે ગ્રામ્ય વિસ્તારમાં લોકોને સારી આરોગ્ય સેવાઓ ઉપલબ્ધ બને તે માટે સેવાઓનું સઘનીકરણ કરવામાં અનેકવિધ પગલાં લેવાયા છે. આમ છતાં જનરલ ઓ.પી.ડી.નું પ્રમાણ ઘણું ઓછું જણાયું છે. આ બાબતે આંતરખોજ કરવી જોઈએ અને સઘનીકરણની સાથે સાથે ગુણવત્તાસભર સેવા આપવા માટે સૌએ આગળ આવવું પડશે.

તેમણે જણાવ્યું હતું કે ગાંધીનગર જિલ્લા પંચાયત તેના સ્વભંડોળમાંથી સારી સેવા આપનારા આરોગ્ય કેન્દ્રોને વિશેષ પુરસ્કાર આપી પ્રોત્સાહિત કરશે. સ્વસ્થ અને સ્વચ્છ જિલ્લા થકી મોડેલ જિલ્લાની દિશામાં તંત્ર આગળ વધી રહ્યુ છે ત્યારે આપણે સૌ ખભેખભા મિલાવી સ્વસ્થ જિલ્લાના નિર્માણની પરિકલ્પના સાકાર કરીએ.

શ્રીમતી હીના પટેલે નિવૃત્ત થતા શ્રી કે.બી. પટેલની સેવાઓને બિરદાવી જણાવ્યું હતું કે ૧૮-૧૮ કલાકનો શ્રમ તેઓ કરતા હતા. આપણે તેમના એ કર્મ મંત્રને અનુરૂપ કામગીરી કરીશું તો જ સાચી સેવાનું સન્માન કર્યાનો સંતોષ થશે.

સે-૨૮ બાલોદ્યાનના તળાવમાંથી ગંદકી ઉલેચવા સફાઈ કામ શરૂ

યોગ્ય જાળવણીના અભાવે આકર્ષણ ગુમાવતા બાલોદ્યાનની બદતર સ્થિતિ

ગાંધીનગર, તા.૧૫

સે-૨૮ બાલોદ્યાનની રોનક દિન પ્રતિદિન બદતર બનતી જાય છે. એક બાજુ બાલોદ્યાનના બાલોદ્યાનના આર્કષણરૂપ તળાવ પણ છેલ્લા ઘણા સમયથી ગંદકીગ્રસ્ત બન્યું

છીનવાઈ ગઈ છે. અગાઉ ભુલકાઓની મીની ટ્રેઈન બંધ પડી ગયા બાદ હાલ તળાવના દુષિત પાણીના લીધે પણ દુર્ગંધ પ્રવર્તી છે. જો કે સફાળા જાગેલા તંત્ર દ્વારા તળાવની સફાઈનું કામ શરુ કરી દેવાયું છે.

સે-૨૮ બાલોદ્યાનની જાળવણીના અભાવે ઉદ્યાનની હાલત નવીનીકરણનો પ્રોજેકટ પણ અટવાયો છે. ત્યારે ઉદ્યાનની જાળવણી પ્રત્યે પણ તંત્ર દુર્લક્ષ સેવતા બાલોદ્યાનનું આર્કષણ છીનવાઈ રહ્યું છે. થોડા સમય અગાઉ સે-૨૮ બાલોદ્યાનમાં ભુલકાંઓની મીની ટ્રેઈન પણ બંધ થઈ ગઈ હતી જેના પરિણામે મીની ટ્રેઈનનું એન્જિન રીપેરીંગ માટે અમદાવાદ મોકલવામાં આવ્યું હતું. હોવાથી ઉદ્યાનમાં અસહ્ય દુર્ગંધ પ્રવર્તી હતી. જેના લીધે બાલોદ્યાનની મુલાકાતે આવતા સહેલાણીઓ પણ ગુંગળામણ અનુભવી રહ્યા હતા. બાલોદ્યાનના તળાવમાંથી દૂષિત પાણી અને ગંદકી ઉલેચવા તંત્ર દ્વારા તળાવની સફાઈ હાથ ધરવામાં આવી છે. તળાવનું પાણી ઉલેચીને સફાઈ કામ શરુ કરી દેવાયું છે. બાલોદ્યાનમાં સ્થિત તળાવની સફાઈ સમયાંતરે કરવામાં આવે છે. પરંતુ આ વખતે નિયત સમયે સફાઈ કામ હાથ ન ધરાતા તળાવમાં ગંદકીએ સામ્રાજય જમાવ્યું હતું.

(તસવીર : દિપક જાની)

મેઘરાજાના મનામણા - ગાંધીનગરના પાદરે રાંધેજા ગામે ગ્રામજનોએ મેઘરાજાને મનાવવા મેહુલિયો કાઢ્યો હતો... મેઘરાજાની મૂર્તિ લઈ વાજતે-ગાજતે ગામની પ્રદક્ષિણા કરી હતી. મહિલાઓએ ભજન કિર્તન અને ગરબા દ્વારા મેઘરાજાને મનાવવાની પ્રાર્થનાઓ કરી હતી. ધારાસભ્યશ્રી અશોક પટેલે આ પ્રસંગે ઉપસ્થિત રહી પૂજન-અર્ચન કર્યું હતું.

ગુજરાતી ફિલ્મોના સુપ્રસિદ્ધ લેખક રામજીભાઈ વાણિયાને મુખ્યમંત્રીની શ્રદ્ધાંજલિ

ગાંધીનગર, તા.૧૫

મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ગુજરાતી ફિલ્મોના સુ-સિધ્ધ લેખક શ્રી રામજીભાઈ વાણિયાના અવસાન અંગે ડા દુઃખની લાગણી વ્યકત કરી શ્રધ્ધાંજલિ પાઠવી છે.

મુખ્યમંત્રીશ્રીએ સ્વ. રામજીભાઈ વાણિયાએ ગુજરાતી ચલચિત્રોના પટકથા લેખક તરીકે આપેલું યોગદાન સદાકાળ અવિસ્મરણીય રહેશે તેમ શ્રધ્ધાંજલિ સંદેશમાં જણાવ્યું છે. શ્રીમતી આનંદીબહેને સદગત શ્રી રામજીભાઈના આત્માની શાશ્વત શાંતિ માટે -ર્થના કરી છે.

મહુડી માર્ગના વૃક્ષો કાપવા વનવિભાગને ૨૦ લાખ ચુકવાયા

ગાંધીનગર, તા.૧૫

પેથાપુર-મહુડી માર્ગને ફોરલેન બનાવવાની કાર્યયોજના પાછળ કરોડો રૂપિયાનું આંધણ થવાનું છે. માર્ગ વાઈડનીંગ ની આ યોજનાને સાકાર કરવા ૧૨૦૦ જેટલા વૃક્ષોનું નિકંદન વળે તેમ છે. જો કે આ મામલે વનવિભાગ કક્ષાએથી મંજુરી આપી દેવાઈ છે. તંત્ર દ્વારા વૃક્ષોના વળતર પેટે વન વિભાગને રૂ. ૨૦ લાખનું ચુકવણું કરવામાં આવ્યું છે. પરંતુ હાલ આ યોજનાની કામગીરી મંદ ગતિએ ચાલી રહી છે.

પેથાપુર-મહુડી માર્ગનો પ્રવાસન પથમાં સમાવેશ કરાયા બાદ આ માર્ગના વાઈડનીંગ પાછળ અત્યાર સુધી કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવ્યો છે. અગાઉ ચાર વર્ષ પૂર્વે પણ આ માર્ગનું વાઈડનીંગ કામ હાથ ધરવામાં આવ્યું હતું જયારે આ દરમિયાન પણ સેંકડો વૃક્ષો જમીનદોસ્ત થયા હતા. જયારે હવે આ રસ્તાને ફોરલેન બનાવવાનો નિર્ણય લેવાતા કરવામાં આવનાર છે. હાલ આ પ્રોજેકટ સંદર્ભે કામગીરી શરુ કરી દેવાઈ છે. જયારે આ માર્ગને ફોરલેન બનાવવા અંદાજિત ૧૨૦૦ જેટલા વૃક્ષો કાપવા પડે તેવી સ્થિતિ છે. આવા સંજોગોમાં વન વિભાગ સમક્ષ રજૂથયેલી દરખાસ્તને મંજૂરી અપાતા તંત્ર દ્વારા વૃક્ષોના વળતર પેટે રૂ. ૨૦ લાખ ચુકવવામાં આવ્યા છે. પેથાપુર-મહુડી પ્રવાસનપથ પર ટ્રાફીકનું ભારણ વધતા આ માર્ગ ફોરલેન બનાવવાની યોજના માર્ગસલામતીની દૃષ્ટિએ આર્શીવાદરૂપ નિવડશે જો કે હાલ આ પ્રોજેકટ સંદર્ભે માર્ગ વાઈડનીંગ પાછળ કરોડોનો ખર્ચ મંદ ગતિએ કામ ચાલી રહ્યું છે.

ॐ નર્સિંગ બ્યુરો
પથારી વશ દર્દીની સેવા માટે હોમ કેર માટે વૉર્ડ બોય, આયાબેન, નર્સીસ, ૨૪ કલાક, ૧૨ કલાક, ડે-નાઈટ માટેની સર્વિસ અમે આપીશું.
૧૨૧, સનરાઈઝ આર્કેડ, પ્રગતિ મોલની સામે, કોબા-ગાંધીનગર રોડ, કુડાસણ, ગાંધીનગર
ફોન : ૮૮૬૦૭૮૮૧૫
મો. ૯૮૭૯૪૭૬૬૯૮
મો. ૯૮૨૪૨ ૪૭૭૧૯

જોઈએ છે
દર્દીની સેવા માટે હોમ કેર માટે અનુભવી ભાઈઓ/બહેનો - ૨૪ કલાક, ૧૨ કલાક, ઉમર ૨૦ થી ૪૫ વર્ષના તથા નર્સીંગ સ્ટાફ પણ સ્પે. ડ્યુટી માટે
ॐ નર્સીંગ બ્યુરો
૧૨૧, સનરાઈઝ આર્કેડ, પ્રગતિ મોલની સામે, કોબા-ગાંધીનગર રોડ, કુડાસણ, ગાંધીનગર
ફોન : ૮૮૬૦૭૮૮૧૫
મો. ૯૮૭૯૪૭૬૬૯૮
મો. ૯૮૨૪૨ ૪૭૭૧૯

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES Unbeatable! CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટયૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, ૨૩૨૨૩૦૪૭, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૯૯૦૪૦ ૦૦૬૮૯

SANGHI CEMENT, KisaN, ashirvad C. PVC, UPVC, TATA STEEL • PIPES • SHEETS, VINAYAK 500 TMT BARS - ISI, BENELAVE BATH FITTINGS, DR.FIXIT
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com